જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૨/૧/૨૦૧૭ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં
આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ- સમાચાર યાદી નં.૮૦/૧૭

## મકરસંક્રાન્તીના તહેવારમાં વપરાતી પ્રતિબંધીત ચાઇનીઝ બનાવટની દોરીનો મોટા જથ્થો ઝડપી પાડતી અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચ

છેલ્લા કેટલાક વર્ષોથી ઉતરાયણ તહેવાર દરમ્યાન પાકા સીન્થેટીક ચાઈનીઝ નાયલોન મટીરીયલથી તૈયાર કરવામાં આવેલ પાકા દોરાથી પતંગ ઉડાડવામાં આવતા પતંગોના કારણે રોડ ઉપર વાહન ચલાવતા વાહન ચાલકોને ગંભીર ઈજાઓ થાય છે તથા કેટલાક અકસ્માતથી મૃત્યુ પણ પામે છે આવા દોરાથી પક્ષીઓ ઘાયલ થતા હોય છે અને તેનાથી તેમનુ મૃત્યુ પણ થતુ હોય છે આથી પતંગ ઉત્સવ દરમ્યાન પાકા દોરાથી પતંગ ઉડાડવાનુ અટકાવવુ જરુરી જણાતા અને જાહેર સલામતી અને સુરક્ષા માટે જોખમરૂપ હોય ચાઇનીઝ દોરીના ઉપયોગથી અમદાવાદ શહેરને જાહેર સલામતી અને સુરક્ષાને ધ્યાને લઇ પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર નાઓએ અમદાવાદ શહેર હદ વિસ્તારમાં આવેલ જગ્યાઓએ પાકી નાયલોન ચાઈનીઝ દોરાથી પતંગ ચગાવવા માટે ઉપયોગ/વેચાણ કરવા કે તે હેતુથી સંગ્રહ કરવા પર પ્રતિબંધ મુકી જાહેરનામુ બહાર પાડેલ જે જાહેરનામાનો ચુસ્તપણે અમલ થાય તે સારૂ પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓની સુચના અનુસાર કડક કાર્યવાહી કરવા સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી જે.કે.ભટ્ટ સાહેબ નાઓએ આપેલ સુચના અનુસાર નાયબ પોલીસ કમિશ્નર શ્રી દીપન ભદ્રન સાહેબ નાઓએ ખાસ ડ્રાઈવનું આયોજન કરેલ અને મદદનીશ પોલીસ કમિશ્નર બ્રાન્ચશ્રી રાજદીપસિંહ ઝાલા સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ એન્ટી પ્રોપર્ટી સ્ક્વોડ-૧ ના પોલીસ સબ ઈન્સપેક્ટર શ્રી બી.એચ.કોરોટ નાઓ તેમના સ્ટાફના માણસો સાથે અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગ દરમિયાન બાતમી આધારે કુબેરનગર સાબરમતી બજારમાં આવેલ હિના ટ્રેડર્સની આગળ ખુલ્લા જગ્યા **ખાતેથી** મહેશભાઇ મોહનભાઇ ગઢવી નાઓ પાસેથી પ્રતિબંધીત ચાઇનીઝ દોરીના મોટા કાર્ટુન નંગ-૧૦ માં બોબીનના રીલ કુલ નંગ–૧૯૦ જેની કુલ કિ.રૂ.૨૮,૫૦૦/સાથે પકડી પાડેલ છે. અને પ્રતિબંધીત ચાઇનીઝ દોરી કબજે કરી સદરી વિરુધ્ધ આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)